Ansh - Journal Of History
A Peer Reviewed International Refereed Journal
E-JOURNAL (HISTORY)
SINCE 2019
E-ISSN No. 2582–046X
International Journal For Research In Applied History
Website : https://ansh.shrihinglajenterprise.co.in/

# સ્વાતંત્ર્ય સેનાની શ્રી પૂર્ણિમાબહેન પકવાસાની રચનાત્મક પ્રવૃત્તિઓ

**Vaishaliben Rajeshkumar Chavda,**
PhD Scholar in History
Gujarat Vidyapith, Ahmedabad
Nr. Income Tax Office, Ashram Rd,
Ahmedabad, Gujarat 380014
Email ID: vrchavda93@gmail.com

## સારાંશ

પ્રસ્તુત પેપરમાં સ્વાતંત્ર્ય સેનાની પૂર્ણિમાબહેન પકવાસાએ કરેલ રચનાત્મક પ્રવૃતિઓની વાત કરવામાં આવી છે. તેમને બાળપણથી જ રાષ્ટ્રીયતાના સંસ્કારો મળ્યા હતા. જેના કારણે તેઓ નાનપણથી જ દેશસેવામાં જોડાઈ ગયા હતા. તેઓએ નાની ઉંમરે જેલવાસ પણ ભોગવ્યો હતો. તેઓએ આઝાદીના આંદોલન સમયે અનેક એવી પ્રવૃતિઓ કરી છે. સવિનય કાનૂનભંગ સમયે કરેલ પ્રવૃતિઓ, અમદાવાદ યુવક સંમેલનની પ્રવૃત્તિ, હરીપુરા કોંગ્રેસ અધિવેશન વખતે કરેલી સેવા. આ ઉપરાંત તેઓને થયેલ જેલવાસ દરમિયાન પણ ત્યાં જેલમાં કેદી બહેનોને સ્વરક્ષણના પાઠ તેમજ અક્ષરજ્ઞાન આપવાનું કાર્ય કર્યું હતું. ફક્ત ભારત દેશની મુક્તિ સુધી જ નહી પણ આઝાદી મળ્યા પછી પણ તેઓએ ગાંધીજીને આદર્શમાંની સમાજસેવામાં જોડાઈ ગામડાની પછાત બહેનોને જાગૃત કરી ઉજાગર કરવાનું કાર્ય કર્યું છે. ડાંગમાં અંતરિયાળ વિસ્તારમાં શાળાની સ્થાપના કરી ત્યાંની પછાત બહેનોને શિક્ષણ આપવાનું કાર્ય કર્યું. પૂર્ણિમાબહેનના આ કાર્યને લીધે તેમને 'ડાંગની દીદી'નું બિરુદ આપવામાં આવ્યું છે. તેમને ભારત તથા ગુજરાત સરકાર તરફથી ઘણા બધા સન્માનપત્રો તથા એવોર્ડ્સ પ્રાપ્ત થયા છે. ૧૦૧ વર્ષની વયે તેઓ મૃત્યુ પામ્યા હતા. તો પોતાનું આખું જીવન સમર્પિત કરનાર ધન્ય છે આ નારીરત્નને.

## ૧. પ્રસ્તાવના

સ્વાતંત્ર્ય સેનાની, ગાંધીજીના અનુયાયી, પદ્મભૂષણથી સન્માનિત અને આદિવાસી કન્યાઓને શિક્ષિત કરી ઉજાગર કરનાર એવા ડાંગના દીદી એટલે પૂર્ણિમાબહેન પકવાસા. જેઓને સ્વતંત્ર સૈનિક હોવાની સાથે સાથે સામાજિક સુધારક પણ કહી શકાય.

દેશની આઝાદી માટે સ્વાતંત્ર્ય સેનાની અને દેશસેવિકા તરીકે નીડર, ઉત્સાહી, શિસ્તબદ્ધ કાર્ય કરનાર તથા પોતાનું સમગ્ર જીવન સમર્પિત કરનાર હતા. તેઓના વ્યક્તિત્વના અલગ

Ansh - Journal Of History
A Peer Reviewed International Refereed Journal
E-JOURNAL (HISTORY)
SINCE 2019
E-ISSN No. 2 5 8 2 – 0 4 6 X
International Journal For Research In Applied History
Website : https://ansh.shrihinglajenterprise.co.in/

અલગ પાસા જોવા મળે છે. તેઓએ બાળપણથી લઈને છેક મૃત્યુ સુધી અનેક એવી પ્રવૃત્તિઓ કરી છે. આઝાદી આંદોલનમાં રચનાત્મક પ્રવૃત્તિ, સામાજિક પ્રવૃત્તિ, શૈક્ષણિક પ્રવૃત્તિ તથા મહિલા ઉત્કર્ષની પ્રવૃત્તિઓ કરેલી છે જેના કારણે તેમને ડાંગની દીદીનું બિરુદ મળ્યું છે. ભારત સરકાર તથા ગુજરાત સરકાર દ્વારા તેમને કેટલાક એવોર્ડ્સ પણ પ્રાપ્ત થયા છે.

## ૨. પૂર્ણિમાબહેન પકવાસાનો પરિચય

ગાંધી યુગના નિર્ભીક નારીરત્ન એવા પૂર્ણિમાબહેન પકવાસાનો જન્મ ૧ લી ઓક્ટોબર ૧૯૧૩ ના રોજ થયો હતો. તેમના પિતાનું નામ વ્રજલાલ શેઠ અને માતાનું નામ ચંચળ બા હતું. ચાર ભાઈ બહેનોમાં તેઓ સૌથી મોટા હતા. તેમને માતા પાસેથી ધાર્મિક સંસ્કારો તથા પિતા અને કાકા પાસેથી દેશસેવા અને રાષ્ટ્રપ્રેમના સંસ્કારો મળ્યા હતા. તેમણે સ્નાતક સુધીનો અભ્યાસ કર્યો હતો તથા શિક્ષણની સાથે સાથે અમરેલીમાં વ્યાયામશાળાની તાલીમ લીધી હતી. પંચમઢીમાં મીલીટરી કોલેજમાં દાખલ થઇ વિવિધ હથિયારોનો ઉપયોગ કરવાનું શીખેલ. ઘોડેસવારી, સંગીતકલા વગેરે પણ શીખ્યા હતા. ગુજરાત મહારાષ્ટ્રમાં સ્કાઉટ ગાઈડનું પદ સંભાળ્યું હતું. તેઓ ભારતી સેવાસંઘ, ભગીની સમાજ અને બાળ શિક્ષણ સંઘ જેવી સંસ્થાઓમાં કામ કરી ચૂક્યા હતા. તેમનું મૃત્યુ ૧૦૧ વર્ષની વયે એપ્રિલ ૨૦૧૬માં થયું હતું.

## ૩. રાષ્ટ્રીય સ્વતંત્ર સંગ્રામમાં ગુજરાતની મહિલાઓનું પ્રદાન

આ રાષ્ટ્રીય સ્વતંત્ર સંગ્રામની લડતમાં ગુજરાતની અનેક એવી મહિલાઓનું આગવું પ્રદાન રહ્યું છે. જેમાં કસ્તુરબા ગાંધી, મૃદુલા સારાભાઇ, અનસૂયા સારાભાઇ, પુષ્પાબહેન મહેતા, મણિબહેન પટેલ, ચંચળબહેન મહેતા, દેવીબહેન પટ્ટણી, શ્રીમતી ભક્તિલક્ષ્મી દેસાઈ, વિનોદીની નીલકંઠ, ઇન્દુમતીબહેન શેઠ, ઈન્દુમતી મહેતા, સરલાદેવી સારાભાઇ, શારદાબહેન, ભક્તિબા, મીઠુંબહેન પીટીટ, જયાબહેન શાહ, શ્રીમતી જમનાબહેન નગીનદાસ, પૂર્ણિમાબહેન પકવાસા જેવી અનેક નામી અનામી બહેનોએ પોતાનું સમગ્ર જીવન દેશ માટે અર્પણ કરી દીધું હતું.

## ૪. પૂર્ણિમાબહેનની રચનાત્મક પ્રવૃત્તિઓ

Ansh - Journal Of History
A Peer Reviewed International Refereed Journal
E-JOURNAL (HISTORY) SINCE 2019
E-ISSN No. 2 5 8 2 – 0 4 6 X
International Journal For Research In Applied History
Website : https://ansh.shrihinglajenterprise.co.in/

તેમને પોતાના જીવનકાળ કરેલ કાર્યને બે દ્રષ્ટિએ જોઈ શકાય છે. (૧) સ્વતંત્રતા આંદોલનના ક્રાંતિકારી યુવા નેતા તરીકે (૨) સ્વતંત્રતા પ્રાપ્તિ બાદ ગાંધીજીના સિધ્ધાંતોને મૂર્ત રૂપ આપી તેમણે કરેલ સામાજિક અને શૈક્ષણિક કાર્યો.

❖ **પૂર્ણિમાબહેનને શસ્ત્ર રાખવાની ગાંધીજીની પરવાનગી**

૧૯૩૦ ના સમયગાળામાં જયારે દેશ ગાંધીજીના રંગમાં રંગાયેલો હતો ત્યારે આ ચળવળમાં સહભાગી બનવા માટે ઘરનો ઉંબરો ઓળંગે એવી સૌરાષ્ટ્રના અત્યંત રૂઢીચુસ્ત જમાનામાં એ સમયે કલ્પના પણ થઈ શકતી ન હતી. આ સમયે ભારત દેશની મુક્તિ કાજે બાપુએ કરેલ હાકલને માથે ચડાવી અનેક મહિલા અને યુવતીઓએ સત્યાગ્રહમાં મદદરૂપ થવા માટે આઝાદીની લડતમાં સામેલ થઈ હતી.

આ સમયે સૌરાષ્ટ્રના ગામડાઓમાં સ્ત્રી અને પુરુષોની અલગ અલગ છાવણીઓ ગામોગામ કૂચ કરીને બાપુના સંદેશાઓને ગામડામાં પહોંચાડવાનું કાર્ય કરતા. આ સમયે ગામડાઓમાં મહિલા સત્યાગ્રહીઓની ટૂકડીમાં એક છોકરી કમરે ધારદાર નાની કટારી કમરે છુપાવી રાખતી. સત્યાગ્રહમાં અહિંસા જ હતી જેમાં હિંસાને કોઈ સ્થાન ન હતું. જેમાં હિંસક શસ્ત્ર રાખવું એ ગુનો ગણાતો હતો. આ સમયે ગામલોકોને આ છોકરી પાસેથી શસ્ત્રની જાણ થતા તેઓએ બાપુને ફરિયાદ કરી અને બાપુએ આ છોકરીને મળવા માટેનો સંદેશો મોકલાવ્યો. જયારે તે છોકરી બાપુ પાસે આવી ત્યારે તેણે બાપુને મહિલાઓની સુરક્ષાની વાત જણાવીને કહ્યું કે પોતાની સુરક્ષા માટે સાથે હથિયાર રાખવું એ ગુનો છે? ત્યારે બાપુએ તેને શાબાશી આપી અને કહ્યું કે જો તું સમાજની બધી બહેનોને સ્વરક્ષણની કળા શીખવે અને ગામડાઓમાં પણ આ કાર્ય પાર પડે ત્યારે તને મારી ખરી દિકરી સમજુ. ગાંધીજીના આ શબ્દો પૂર્ણિમાબહેનના હૃદયમાં ઉતરી ગયા અને તેણે બાપુના આ આહ્વાનને જીવન મિશન બનાવી દીધું.

## ૧. પ્રારંભિક પ્રવૃત્તિઓ

પૂર્ણિમાબહેન પકવાસાને બાળપણથી જ રાષ્ટ્રીયતાનું વાતાવરણ મળ્યું હતું. જેના કારણે બાળપણથી જ તેઓ દેશસેવામાં જોડાયા હતા. પિતા વ્રજલાલ શેઠ અને કાકા અમૃતલાલ શેઠ સ્વતંત્ર

આંદોલનમાં સક્રિય હતા, પૂર્ણિમાબહેન આઠ વર્ષની ઉંમરે કાકા અમૃતલાલ શેઠ સાથે ગયા ત્યારે બાપૂના દર્શન થયેલ. ત્યાર બાદ તેઓ સેવાદળમાં જોડાઈ ગયા.

## ૨. સવિનય કાનૂન ભંગની ચળવળમાં પ્રદાન

૧૯૩૦ના સત્યાગ્રહમાં બાપૂનો સંદેશો ગામડે ગામડે પહોંચાડવાનું કાર્ય કર્યું હતું. તેઓ આ લડત વખતે તેમની ટૂકડી બનાવીને ગામડે ગામડે લોકજાગૃતિનું કાર્ય કરતા. ખાદી વણવી, ખાદી પહેરવી, રેંટીયો કાતવો, દારૂબંધી, સ્વદેશી અપનાવી વિદેશી વસ્ત્રોનો ત્યાગ કરવો, પીકેટીંગ કરવું વગેરે કાર્યો નિષ્ઠાથી કરતા હતા.

તેમના આવા કાર્ય બદલ અંગ્રેજ સરકાર દ્વારા ધરપકડ કરવામાં આવી હતી પરંતુ આ સમયે તેમની ઉંમર ૧૭ વર્ષની હોવાથી છોડી મૂકવામાં આવ્યા અને પાછળથી ૧૯૩૨માં ધરપકડ કરી જેલમાં પૂરવામાં આવ્યા. આ જેલવાસ તેમને ૬ માસ માટે થયો હતો.

### (૨.૧) સાબરમતી જેલમાં કરેલ પ્રવૃત્તિઓ

આ સાબરમતી જેલ દરમિયાન તેમનો પરિચય પૂ. કસ્તૂરબા ગાંધી સાથે થયો હતો. આ જેલવાસ દરમિયાન તેમણે અમરેલી વ્યાયામ શિબિરમાં જે તાલીમ લીધી હતી તેનો ઉપયોગ તેમણે જેલની બહેનોને શીખવવામાં કર્યો. ત્યાં સ્ત્રી જાગૃતિના કાર્યો કરી મહિલાઓને સ્વરક્ષણની તાલીમ આપી. જેલની બહેનોને યોગાસનો કરાવવા, ગીતાના પાઠ કરાવવા, વ્યાયામની કસરતો કરાવવી, ભજન, પ્રાર્થના, ધૂન વગેરે કરાવતા હતા.

આ જેલવાસ દરમિયાન તેમને મુખ્ય કાર્ય એ કસ્તુરબાને અક્ષરજ્ઞાન આપવાનું કર્યું હતું. જેલમાં બંગાળથી આવેલ સરસ્વતીબાઈ પાસેથી તેઓ સંગીત શીખ્યા હતા.

### (૨.૨) પૂર્ણિમાબહેનના જેલવાસ દરમિયાનના સાથી મિત્રો

❖ મહિલા સાથી મિત્રો

(૧) કસ્તુરબા ગાંધી
(૨) મણિબહેન પટેલ
(૩) શ્રીમતી નિર્મલા લાલવાણી
(૪) શ્રીમતી લક્ષ્મી રોસ્યા
(૫) શ્રીમતી ફૂલકુવર
(૬) શ્રીમતી મોંગી ડીપલાણી
(૭) શ્રીમતી જેઠીસિપાહી મલાનો
(૮) દેવીબહેન પટ્ટણી

Ansh - Journal Of History
A Peer Reviewed International Refereed Journal
E-JOURNAL (HISTORY) SINCE 2019
E-ISSN No. 2582–046X
International Journal For Research In Applied History
Website : https://ansh.shrihinglajenterprise.co.in/

(૯) સુમિત્રા ભટ્ટ (૧૦) શ્રીમતી પાર્વતી ગીડવાણી

(૧૧) લાભુબહેન મહેતા

❖ **પૂર્ણિમાબહેન સાથેના સ્વાતંત્ર્ય સૈનીકો**

(૧) રતુભાઈ અદાણી (૨) મંગળદાસ પકવાસા

(૩) વિનોબા ભાવે (૪) વસંતરાય હેગીસ્ટે

(૫) કનુભાઈ લહેરી (૬) મોહનભાઈ મહેતા

(૭) સુરીગ બાબરિયા (૮) મનુભાઈ બક્ષી

(૯) અમૃતલાલ આચાર્ય (૧૦) કિર્તીભાઈ શેઠ

(૧૧) રણછોડ અદા (૧૨) મનુભાઈ પંચોલી

(૧૩) જયમલ્લભાઈ પરમાર (૧૪) હરિપ્રસાદ ભટ્ટ

## ૩. અમદાવાદ યુવક સંમેલન, ૧૯૩૦

૧૯૩૦ ના સમયગાળા દરમિયાન મૃદુલાબહેન સારાભાઇના નેતૃત્વ હેઠળ અમદાવાદમાં યુવક સંમેલન ભરાયું હતું. જેમાં શરૂઆતનું પ્રાસ્તાવિક ભાષણ મૃદુલાબહેને કરેલ અને ઠરાવો પસાર કરેલ. જયારે છેલ્લો અને દસમો ઠરાવ પૂર્ણિમાબહેને રજુ કર્યો. તેઓ ટેબલ પર ચડી આ ઠરાવનું ભાષણ કરતા ત્યાં જ પોલીસ આવી અને તેઓ બધાને પકડી જેલની સજા કરેલ. પૂર્ણિમાબહેને રાજકોટ અને લીંબડી સત્યાગ્રહમાં પણ ભાગ લીધો.

## ૪. હરીપુરા કોંગ્રેસ અધિવેશન વખતે આપેલી સેવા, ૧૯૩૮

ઈ.સ. ૧૯૩૮ માં હરીપુરા ખાતે ભરાયેલ કોંગ્રેસ અધિવેશનમાં લગભગ ૫૦ જેટલી છોકરીઓ સૌરાષ્ટ્રથી આ અધિવેશનમાં સેવા આપવા માટે વોલેન્ટીયર તરીકે આવી હતી. આ વોલેન્ટીયર દળના નેતા તરીકે કુમારી મૃદુલાબહેન સારાભાઇ હતા. તેઓ કોંગ્રેસના આ અધિવેશન માટે વોલેન્ટીયર ભેગા કરવા નીકળેલા. ફરતા ફરતા તેઓ રાણપુર આવ્યા અને ત્યાં અમૃતલાલ પાસે બે બહેનોની માંગણી કરેલ જેમાં એક પૂર્ણિમાબહેન અને બીજા અમૃતલાલ શેઠની દીકરી લાભૂબહેન.અમૃતલાલે પ્રસન્નતાપૂર્વક આ બંને બહેનોને મૃદુલાબહેન સાથે જવાની રજા આપી હતી. વોલેન્ટીયર તેમને એક માસની તાલીમ હતી. તેમાં પ્રથમ પંદર દિવસ હરીપુરા ગામમાં સફાઈ

E-ISSN No. 2582–046X
International Journal For Research In Applied History
Website : https://ansh.shrihinglajenterprise.co.in/

કરવાની અને બીજા પંદર દિવસ ઓફીસ વર્કની તાલીમ લઈને કોંગ્રેસ સેશન વખતે સેવા કરવાની હતી. જેમાં ભારતભરમાંથી ૫૦૦૦થી વધારે બહેનો જોડાઈ જેને તાલીમ આપવામાં આવી હતી. જેમાં પૂર્ણિમાબહેનની ટુકડીએ જુગતરામ દવે પાસેથી તાલીમ લીધી હતી.

આ અધિવેશન શરૂ થયું ત્યારે પૂર્ણિમાબહેનની ડયુટી મુખ્ય સ્ટેજ પર બિરાજમાન નેતાઓ જેઓ સ્ટેજ પાછળના દરવાજેથી આવે ત્યાં હતી. જેમાં દરેક વ્યક્તિના બેજ તપાસીને અંદર દાખલ થવા દેવાના હતા. આ નેતાઓમાં શ્રી રાજેન્દ્ર બાબુ, મંગળદાસ પકવાસા, જવાહરલાલ નહેરુ અને રાજગોપાલાચાર્ય વગેરે જુદા જુદા રાજ્યના મંત્રીઓ અને કોંગ્રેસના પ્રમુખો આવ્યા હતા. આ અધિવેશન વખતે પૂર્ણિમાબહેનનો પરિચય મંગળદાસ પકવાસા સાથે થયેલ જે આગળ જતા તેમના સસરા બન્યા.

## ૫. શૈક્ષણિક પ્રવૃત્તિ (ઋતુંભરા વિશ્વ વિદ્યાપીઠની સ્થાપના)

ઋતુંભરા વિશ્વ વિદ્યાપીઠની સ્થાપના ઈ.સ.૧૯૫૩ માં શક્તિદલના નામથી પૂર્ણિમાબહેન પકવાસા દ્વારા કરવામાં આવી હતી. પરંતુ પાછળથી તેનું નામ ૧૯૬૯ માં ઋતુંભરા વિશ્વ વિદ્યાપીઠ રાખવામાં આવ્યું. આ સંસ્થાનો મુખ્ય ઉદ્દેશ મહિલાઓનો સર્વાંગી વિકાસ કરવાનો છે.

જેમાં શિક્ષણની સાથે સાથે નારી ઉત્થાનના કાર્યો, સમરકેમ્પ, બાગાયત અને ઔષધી ઉછેર, મહિલા સશક્તિકરણ, યુવા જાગૃતિ માટેના સંગઠનો, પર્યાવરણ સંરક્ષણ વગેરે જેવા કાર્યો કરાવવામાં આવે છે. આ સંસ્થાની સ્થાપના ફક્ત આઠ છોકરીઓથી કરવામાં આવી હતી આજે તેની સંખ્યા આઠસોએ પહોંચી છે.

## ૫. પૂર્ણિમાબહેન પકવાસાને મળેલ એવોર્ડ

સેવાનું આજીવન કાર્ય કરનારને કોઈ એવોર્ડ કે સન્માનથી કોઈ ફરક પડતો નથી. તેઓ તો સેવાને આત્મસાત કરી સેવાનાં જ કાર્યમાં સદા કાર્યશીલ હોય છે, તેવું જ એક વ્યક્તિત્વ છે પૂર્ણિમાબહેન પકવાસા. તેઓને ભારત અને ગુજરાત સરકાર તરફથી ઘણા બધા એવોર્ડ પ્રાપ્ત થયેલ છે.

(૧) ફ્રીડમ ફાઈટર એવોર્ડ, રાષ્ટ્રીય શાળા ઘાટકોપર, ૧૯૮૩

(૨) આદિવાસી સેવા માટે અમૃત પુરસ્કાર, ૧૯૮૪

Ansh - Journal Of History
A Peer Reviewed International Refereed Journal
E-JOURNAL (HISTORY) SINCE 2019
E-ISSN No. 2 5 8 2 – 0 4 6 X
International Journal For Research In Applied History
Website : https://ansh.shrihinglajenterprise.co.in/

(૩) આદિવાસી સેવા માટે સંસ્કાર કેન્દ્ર વડોદરા તરફથી એવોર્ડ, ૧૯૮૪

(૪) આદિવાસી સેવા માટે અભિવાદન ટ્રસ્ટ તરફથી એવોર્ડ, ૧૯૮૫

(૫) યંગ રોટેરિયન એવોર્ડ ફોર ફ્રીડમ ફાઈટર, ૧૯૯૩

(૬) ચંપાબહેન ગોંધિયા એવોર્ડ(સ્ત્રી સેવા માટે) ૧૯૯૪

(યંગ મેન્સ ગાંધીયન એસોસીએસન રાજકોટ દ્વારા)

(૭) આદિવાસી સેવા માટે પત્રકાર ફાઉનડેશન મુંબઈ તરફથી એવોર્ડ, ૧૯૯૫

(૮) ગુજરાત રાજ્ય તરફથી ફ્રીડમ ફાઈટર એવોર્ડ, ૧૯૯૬

(૯) લક્ષ્મી મેનન એવોર્ડ ફોર લીટરસી ઇન વુમન, ૧૯૯૮

(૧૦) પૂ.બા બાપૂ શતકોતર પ્રસંગે બા એવોર્ડ, ૨૦૦૦

(૧૧) ગુજરાત પ્રતિભા એવોર્ડ વિશ્વ ગુજરાતી પરિષદ તરફથી, ૨૦૦૪

(૧૨) પદ્મભૂષણ એવોર્ડભારતના રાષ્ટ્રપતિ તરફથી, ૨૦૦૪

(૧૩) ગુજરાત કેળવણી મંડળ દ્વારા, ૨૦૦૬

(૧૪) ઋતુભરા વિશ્વ વિદ્યાપીઠ દિવ્ય જીવન જ્યોત એવોર્ડ, ૨૦૧૧

(૧૫) નારી રત્ન એવોર્ડ, ૨૦૧૩

(૧૬) માતૃ શ્રી સંતોક બા માનવ રત્ન એવોર્ડ,સુરત, ૨૦૧૩

## ૬. સમાપન

આમ પૂર્ણિમાબહેન પકવાસાએ પોતાના જીવનકાળ દરમિયાન અનેક એવી રચનાત્મક પ્રવૃતિઓ કરી છે. તેમણે સ્ત્રી શક્તિને ઓળખી અને સ્ત્રીએ અબળા નહી પણ સબળા છે તથા શક્તિનો સ્ત્રોત છે એ વાતને જાણી આદિવાસી પછાત વિસ્તારની સ્ત્રીઓને સક્ષમ બનાવી આ વાત સિદ્ધ કરી છે. મહિલાઓમાં દેશભક્તિની ભાવના જગાડીને નારીશક્તિને બહાર લાવવાનું કાર્ય ઉજાગર કર્યું છે. તો જીવનપર્યંત આવા કાર્ય કરનાર ધન્ય છે આ નારીને...

E-ISSN No. 2 5 8 2 – 0 4 6 X
International Journal For Research In Applied History
Website : https://ansh.shrihinglajenterprise.co.in/

## સંદર્ભ ગ્રંથ સૂચિ

1. ગુજરાતના નારીરત્નો, મીનાક્ષી ઠાકર, ગૂર્જર ગ્રંથરત્ન કાર્યાલય, અમદાવાદ, પ્ર.આ., ૨૦૦૯
2. મંગલ સરિતા,પૂર્ણિમા પકવાસા,ઋતુંભરા વિશ્વવિદ્યાપીઠ,મુંબઈ,પ્ર.આ. ૨૦૦૩.
3. જીવન શિલ્પીઓ,પૂર્ણિમા પકવાસા,ઋતુંભરા વિશ્વવિદ્યાપીઠ,મુંબઈ,પ્ર.આ. ૧૯૯૫.
4. ઋતુંભરા વિશ્વવિદ્યાપીઠ દ્વારા પ્રકાશિત સામયિકોમાંથી
5. શક્તિદલ,(સાપુતારા),ઓકટોબર-નવેમ્બર,૨૦૦૦.
6. ઋતુંભરા શક્તિદલ,જાન્યુઆરી, ૨૦૧૨.
7. ઋતુંભરા શક્તિદલ,દીપોત્સવ અંક,ઓક્ટોબર,૨૦૧૩.
8. ઋતુંભરા શક્તિદલ,એપ્રિલ, ૨૦૧૬.સ્ત્રીજીવન સામયિક, ડિસેમ્બર, ૧૯૮૧.

**નોંધ:** ઋતુંભરા વિશ્વવિદ્યાપીઠ સંસ્થાની રૂબરૂ મુલાકાત લીધેલ છે.